* H S - 1 9 0 1 0 1 0 1 0 1 0 2 0 4 0 2 *

Seat No. _______________

# HS-1901010101020402

## B. A. (Sem. II) (CBCS)
## Examination
### May - 2023
## Gujarati : Paper-4 (Core)
*(Gujarati Vyakaran, Sarjan, Lekhan-Kaushal-2)*
*(New Course)*

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નોના જવાબ આપવાના છે.
(2) જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

વિવિધ પ્રકારના ધર્મ પ્રવર્તકો અને સુધારકો કરતાં કેળવણીકારમાં વધુ ધીરજ હોય છે. કેળવણીકારનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જક-તત્ત્વને સક્રિય બનાવવાનું છે. માણસને જીવનમાં અમુક એક જાતની જ પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે એવું નથી. માણસ જે કોઈ પરિસ્થિતિમાં મુકાય તેનો પોતે રચનાત્મક રીતે ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં એ હોવો જોઈએ. સાચો કેળવણીકાર કોઈ ચોક્કસ ઉકેલ હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એડ્યુકેશન' પાછળના લેટિન મૂળનો અને સંસ્કૃત પર્યાય વિનયનનો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું - પ્રેરવું એ જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવાં પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેવો શિક્ષક અજમાવી શકે.

જીવનના બધા પ્રશ્નો જેમ અંતે કેળવણીના પ્રશ્નો છે, તેમ કેળવણીનો પ્રશ્ન એ છેવટે શિક્ષકનો પ્રશ્ન છે.

**- ઉમાશંકર જોષી**

**અથવા**

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

કોઈએ બરાબર જ કહ્યું છે કે સાહિત્યના ગર્ભમાં ગમે તેટલો બોધ હોય, પણ લેખકનું કામ - એ બાળકને બહાર લાવી લોકો આગળ ધરવાનું નથી. બોધ તો સાહિત્યના વાતાવરણમાં છુપાયેલો રહેવાથી જ વધારેમાં વધારે પરિણામકારી નીવડે છે. સાહિત્ય ધન કમાવવા માટે ન હોય, કીર્તિ માટે ન હોય. આ અર્થમાં 'સાહિત્યને માટે સાહિત્ય' સૂત્ર યથાર્થ છે. દ્રવ્યનો આનંદ, કીર્તિનો આનંદ, ઈન્દ્રિયોનું સુખ વગેરે નાના મોટા પુરૂષાર્થો છે. તેમ સાહિત્યોનો આનંદ પણ

સ્વતંત્ર પુરૂષાર્થ છે. પણ ઘણા માણસો જ્યારે સાહિત્ય માટે સાહિત્યની વાતો કરે છે ત્યારે તેમના મનમાં કાવ્યાંનંદ, કલાનંદ કે સાહિત્યાનંદ નથી હોતો. તેઓ તો કેવળ વાસનાનું ઉદ્દિપન તથા વાસનાની તૃપ્તિને જ મનમાં રાખે છે. જ્યાં વાસના આવી ત્યાં કાવ્યાનંદ ટકી શકતો નથી.

**- કાકા કાલેલકર**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચો શા માટે ઉતારવો? આથી તમે તમારી જાતને જ નહીં પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડો છો, અને તમારી પછી આવનારાઓને ભયમાં મૂકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ થવાનો અને અનુભવવાનો સવાલ છે. આ ધર્મ છે; અને તમે જ્યારે તેને પામો ત્યારે જ તમને ધર્મ લાધ્યો દેખાય. તે પહેલા તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે : ''તમે જે સાંભળ્યું હોય તેમાં શ્રદ્ધા ન રાખો, કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યા આવ્યાં છે માટે જ તેમાં ન માનો, તમારા ગુરુઓ અને વડીલોના આદેશ છે માટે પણ ન માનો. પણ તમારી જાતે વિચાર કરો, પૃથક્કરણ કરી જુઓ અને જ્યારે પરિણામ સ્વીકાર્ય બને તથા સર્વ કોઈનું ભલું કરે એવું દેખાય ત્યારે તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો.''

**- સ્વામી વિવેકાનંદ**

**અથવા**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

કહેવાતા જ્ઞાનના સૂકાં છોડિયાથી મગજને ભરવું એમ નહીં, પણ લીલા છોડ જેવી માનસિક શક્તિઓને સીંચવી, પોષવી, વિકસાવવી : એ શિક્ષણનું ખરું સ્વરૂપ છે. એક ખ્રિસ્તી આખ્યાયિકા છે કે ધણીએ પરદેશ જતી વખતે એના નોકરને અમુક ટેલેન્ટ્સ એટલે કે કેટલુંક ધન આપ્યું. એમાંના બેએ તો એ ટેલેન્ટ્સનો ઉપયોગ કરી એકના બે કર્યા. ત્રીજાએ ટેલેન્ટ્સ દાટી મૂક્યા. ધણી પાછો આવ્યો અને નોકરને પૂછયું કે તમને સોંપેલા ટેલેન્ટ્સનું શું કર્યું? ત્યારે એમણે પોતે કર્યું હતું તે કહ્યું. ધણી પહેલા બે ઉપર રાજી થયો, ત્રીજા ઉપર ગુસ્સે થયો. આખ્યાયિકાનો સાર એ છે કે આપણી શક્તિઓ દાટી મૂકવા માટે નથી, વિકસાવવા માટે છે. સત્ય, કર્તવ્ય અને સૌંદર્યની ભાવના મનુષ્યમાત્રમાં વસેલી છે, અને એને કેળવવાની શક્તિ પણ પ્રભુએ આપેલી છે. આત્મા અખંડ હોઈ એ શક્તિઓના વિષય પણ એક બીજાથી તદ્દન છૂટા પાડી શકતા નથી. તો પણ સ્થૂળ રીતે જેટલો વિભાગ સત્ય છે તેટલો પાડીને બોલીએ તો આ ત્રિસૂત્રીમાં જીવનની સઘળી કળા સમાવી શકાય છે. તે છે કે - સત્યનિષ્ઠ બનો, કર્તવ્યનિષ્ઠ બનો, સૌન્દર્યનિષ્ઠ બનો.

**- આનંદશંકર ધ્રુવ**

3 વિરામચિહ્નો એટલે શું? તે સમજાવી, તેના વિવિધ પ્રકારો વિશે વિગતે ચર્ચા કરો. **14**

**અથવા**

3 જોડાક્ષર એટલે શું? જોડાક્ષરની વિવિધ પદ્ધતિઓ ઉદાહરણ સહિત સમજાવો. **14**

4 નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ સમજાવો. **14**

(1) એરંડિયું પીવું.
(2) સોળે સાન વીસે વાન.
(3) તેલ જોવું તેલની ધાર જોવી.
(4) દાળમાં કાળું હોવું.
(5) પાણી મૂકવું.
(6) અલ્લાહની ગાય.
(7) બે પાંદડે થવું.

**અથવા**

4 નીચે આપેલ કેહવતોના અર્થ સમજાવો. **14**

(1) ઊંટના અઢારે વાંકા.
(2) ગાજ્યા મેઘ વરશે નહિ.
(3) જર, જમીન ને જોરું એ ત્રણે કજિયાના છોરું.
(4) ટકે શેર ભાજી, ટકે શેર ખાજા.
(5) નેવાનાં પાણી મોભે ન ચડે.
(6) ભીખનાં હાંલ્લાં શીકે ચડે નહીં
(7) મન ચંગા તો કથરોટમાં ગંગા.

5 નીચેનાં 4 પૈકી કોઈપણ 2 પ્રશ્નોનાં જવાબ આપો. **14**

(1) દ્વન્દ્વ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.
(2) કર્મધારય સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.
(3) બહુવ્રીહિ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.
(4) તત્પુરૂષ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.

---